અપીલ અરજી નં.૧૫ર તા.૫–૭ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.ર૭–૫–૧૧ની અરજીથી કચેરીનાં તા.૧૯–૪–૧૧ના પત્ર નં.સા.ઝોન / આરોગ્ય– ૧૦૫, આઈડી નં. ૧ર૭ર, તા. ૯–ર–૧૧નાં પત્ર નં.સા.ઝોન/ આરોગ્ય–૮૧ આઈડી નં. ૧૦૫૬ તથા તા.ર૫–૫–૧૧ના પત્ર નં. ડી.એન.જી./ આ./ આરટીઆઈ /૦૯ના અનુસંધાનમાં મુદ્દા નં. ૧થી ૩ અંગે આપેલ માહિતીનો ખુલાસો અને સ્પષ્ટતા સહિત માહિતીની નકલો મેળવવા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૫–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૫ર/ર૦૧૧–૧ર

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.ર૭–૫–૧૧ની અરજીથી કચેરીનાં તા.૧૯–૪–૧૧ના પત્ર નં.સા.ઝોન/આરોગ્ય– ૧૦૫, આઈડી નં. ૧ર૭ર, તા. ૯–ર–૧૧નાં પત્ર નં.સા.ઝોન/ આરોગ્ય–૮૧ આઈડી નં. ૧૦૫૬ તથા તા.ર૫–૫–૧૧ના પત્ર નં. ડી.એન.જી./ આ./ આરટીઆઈ /૦૯ના અનુસંધાનમાં મુદ્દા નં. ૧થી ૩ અંગે આપેલ માહિતીનો ખુલાસો અને સ્પષ્ટતા સહિત માહિતીની નકલો મેળવવા અંગેની માહિતી આપવા બાબતે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૭–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૬૯ તા.૧ર–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ) તથા અરજદારને મળેલ માહિતી પૈકી કયા જાહેર માહિતી અધિકારીએ આપેલ કઈ માહિતી અંગે શી વિગતે નારાજગી છે તે તેમણે તેમની મૂળ અરજી કે અપીલ અરજીમાં સ્વંય સ્પષ્ટ ન હોઈ તે આધાર સહ સ્પષ્ટ કરવા તથા મુદ્દા નં. (૧) તથા (ર)માં તેમણે વિધાન કરેલ છે મુદ્દા નં. (૩ ) ર૫ ડ્રાઈવરોની માહિતી તમને મળેલ છે તે રજુ કરેલ છે છતાં શું નારાજગી છે તે વિગતવાર આધાર સહ સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૪૧ તા.ર૯–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને સમય અવધિ બાદ આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/આ./૧૩ર તા.૩૦–૬–૧૧ ના પત્રની નકલ , સા.ઝોન ઉધના વાહનડેપો ખાતે ફરજ ખાતે આરોગ્ય વિભાગના ડ્રાઈવરો તથા ગાડીઓના નંબર સહિતની માહિતીના પત્રકની નકલ , સા.ઝોન//ઉધના વાહનડેપો ખાતે ફરજ બજાવતા લોકસેવા એન્જી., ડ્રાઈવરોની માંગેલ માહિતીની પત્રકની નકલ, સા.ઝોન/આ./૮૧ તા.૯–ર–૧૧ ના પત્રની નકલ,એસએમસી /એફએપી/ નં.૧૭ ના હુકમની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી અરજદારને પાઠવેલ પત્રમાં જ અરજદારે તા.રર–૭–૧૧ ના રોજ પૂરક વિગતો રજૂ કરતો પત્ર મળેલ છે.

અરજદારની તા.ર૭–૫–૧૧ ના અરજીથી અરજદારને ઉધનાઝોન આરોગ્ય તરફથી પત્ર નં.૮૧ તા.૯–ર–૧૧ તથા પત્ર નં.૧૦૫ તા.૧૯–૪–૧૧ તેમજ ડ્રેનેજ વિભાગના પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.૯ તા.ર૫–૫–૧૧ ના પત્રથી આપેલ માહિતી અંગે સ્પષ્ટતા માંગતી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૩૦૮ તા.૩૧–૫–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. પરંતુ મુદ્દા નં.૩ બાબતે ઉધનાઝોન તરફથી અરજી તબદીલ થયેલ જણાતી નથી જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળ્યો ન હોવાનું જણાવી તા.૫–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૩ માં તા.ર૫–૫–૧૧ ના પત્ર નં.૯ માં કુલ ર૫ ડ્રાઈવરોના નામ ર૧૮ ડ્રાઈવરોમાંથી જણાવેલ અને તેમાં પણ એક ડ્રાઈવરનું નામ ડબલ વખત આવેલ હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૩ર તા.૩૦–૬–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. અરજદારના અરજીના મુદ્દા નં. (૧) આઈ ડી નં.૧ર૭ર માં તા.૧૯–૪–૧૧ ના પત્ર નં.૧૦૫ માં મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી સક્ષમ સત્તા મંડળમાં આવતી નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી ઉધનાઝોન વાહન ડેપોના સક્ષમ સત્તા મંડળ બાબતે જણાવેલ કે અપીલ નં.૧૭ તા.૧૬–૪–૧૧ થી માંગેલ માહિતીમાં ઉપરોકત આઈ ડી નંબરમાં ઉધનાઝોનને ઉલ્લેખ નહીં હોવાથી માહિતી આપવામાં વિસંગતતા પામેલ હોવાથી મુદ્દા નં.૧ મુજબ સા.ઝોન/આ./૧૧૭ તા.૩–૫–૧૧ થી આસી. નોડલ ઓફિસરને તે બાબતની માહિતીનો જવાબ મોકલવામાં આવેલ જેની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. પરંતુ તેવી નકલ સામેલ કરેલ નથી. જેથી અપીલ તબકકે તે મળેલ ન હોય ધ્યાને લેવાયેલ નથી. એ પણ સૂચક છે કે અપીલ

નં.૧૭ ના હુકમમાં તમામઝોનને માહિતી આપવા આદેશ થયેલ છે જ. મુદ્દા નં.(૨) તા.૯–૨–૧૧ ના પત્ર નં.૮૧ આઈ ડી નં.૧૦૫૬ મુજબ ૨૧૮ ડ્રાઈવરો પૈકી ૧૯ ડ્રાઈવરો હેવી વ્હીકલ નંબર અને ડ્રાઈવરો સાથેની માહિતી આપેલ છે. તેવા પ્રશ્ન બાબતે તા.૯–૨–૧૧ ના પત્ર નં.સા.ઝોન/આ./૮૧ આઈ ડી નં.૧૦૫૬ મુજબ ૨૧૮ પૈકી ૧૯ નવા ડ્રાઈવરોની હેવી વ્હીકલ નંબર અને ડ્રાઈવરો સાથેની માહિતી સા.ઝોન/ આ./આ.નં.૮૧ તા.૯–૨–૧૧ થી આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) તા.૨૫–૫–૧૧ ના પત્ર નં.૯ માં કુલ ૨૫ ડ્રાઈવરોના નામમાં ૮ ડ્રાઈવરો ૨૧૮ ડ્રાઈવરોમાંથી જણાવેલ છે અને તેમાં પણ એક ડ્રાઈવરનું નામ ડબલવાર જણાવેલ છે અમો અરજદારને તા.૨૫–૫–૧૧ ના પત્ર નં.૯ ના વ્હીકલના નામ નંબર અને ડ્રાઈવરો સહિતની માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરોગ્ય અને લોકસેવા વિભાગના નવા તેમજ જુના ડ્રાઈવરોના લીસ્ટમાં લોકસેવાના લીસ્ટમાં મહેશ આર. પટેલના નામ બે વખત જણાવેલ છે ખરેખર બંને વ્યકિત અલગ અલગ છે તેમના નામ લીસ્ટમાં જણાવેલ છે જેમાં (૧) મહેન્દ્ર રતનજી પટેલ કર્મ નં.૮૦૬૧૨ અને (૧) મહેશભાઈ રામભાઈ પટેલ કર્મ નં.૮૦૮૮૮ છે. આમ અરજદારના ડબલ નામ આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

આમ અરજદારે તેમની અપીલમાં તેમજ તા.૨૨–૭–૧૧ ની પૂરક વિગતોમાં મુદ્દા નં.૧,૨ ના વિરોધાભાસી માહિતી અંગે મુદ્દા નં.૧ માં તા.૧૯–૪–૧૧ ના પત્ર નં.૧૦૫ થી આપેલી માહિતીમાં આઈ ડી નં.૨૭૨ માં ઉધનાઝોનનો ઉલ્લેખ ન હોવાથી માહિતીમાં વિસંગતતા રહેવા પામેલ હોવાનું અરજદારને જણાવવામાં આવેલ છે. તેમ છતાં મુદ્દા નં.૧ અને ૨ અંગે અરજદારે માત્ર વિધાન કરેલ છે. કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી તેથી તે અંગે અપીલમાં તકરારને સ્થાન નથી. જયારે મુદ્દા નં.૩ માં ૨૧ વ્હીકલ સામે ૨૫ ડ્રાઈવરો ૧૩ કોન્ટ્રાકટથી ૮ ડ્રાઈવરોની જગ્યાએ કુલ ૨૧૮ હેવી વ્હીકલ પૈકી ડ્રાઈવરોમાંથી ૪ ડ્રાઈવરો સ્પેર રાખવા બાબતેની સ્પષ્ટતાની રજૂઆત કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રાઈવરનું નામ બે વાર લખવા બાબતે પણ બંને વ્યકિત અલગ અલગ હોવાનું પણ જાહેર માહિતી અધિકારી તરફથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે. પરંતુ ૪ ડ્રાઈવરોના સ્પેર બાબતે અરજદારે સ્પષ્ટતાનો આગ્રહ રાખેલ છે.

જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી તા.૨૫–૫–૧૧ ના રોજ ડ્રાઈવર અને વાહનોની અલગ અલગ માહિતી નામ સહિત આપેલ છે. જે અરજદારે મુળ અરજીમાં મુદ્દા નં.૩ માં વ્હીકલના નામ, નંબર અને ડ્રાઈવર સહિતની માહિતી આપવા વિનંતી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી અપાયેલ છે. અરજદારની અપીલ તબકકેની રજૂઆત આ માહિતી જુદા સ્વરૂપની માંગણીની જણાય છે. જે મુળ અરજીના સંદર્ભમાં અપીલનું કારણ બને નહીં.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭/૫/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી બંને મુદ્દાની માહિતી નિયત સમય અવધિ બાદ પૂરી પાડેલ. જયારે મુદ્દા નં.૩ અંગે ડ્રેનેજ પત્રનો સંદર્ભ હોવા છતાં તેમને તબદીલ થયેલ નથી. જે ભવિષ્યમાં કલમ–૬(૩) હેઠળ અમલવારી કરવા કાળજી રાખવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી તા.૨૫–૫–૧૧ ના રોજ આપેલ માહિતી અરજદારની મુળ માહિતી સાથે સુસંગત છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ) નો દિન–૭ માં આગોતરો સંપર્ક કરી કચેરી કામકાજ દરમ્યાન આ બાબતે લાગત દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરવાની રીતે કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજવિભાગને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ વિભાગ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,